અપીલ અરજી નં.૮ તા.૬–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની તા.૫–૨–૧૦ ની અરજીથી જનસંપર્ક ખાતા હસ્તક વ્યાસ એડવર્ટાઈઝમેન્ટમેળવતી સંસ્થાને આપવામાં આવેલ જાહેરાત અંગેની તમામ વિગતવાર માહિતી મુદ્દા નં.૧ સને ૧૯૯૫ થી ૨૦૦૨ દરમ્યાન વ્યાસ એડવર્ટાઈઝમેન્ટને અંગ્રેજી અખબારની જાહેરાત આપવામાં આવતી હતી તેમાં કુલ કેટલાનું પેમેન્ટ કરવામાં આવ્યું? વર્ષ દીઠ, જાહેરાત દીઠ, માહિતી અલગ અલગ આપવા બાબત.વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૬–૪–૧૦ ની **SMC/FAP/** નં.૮/૨૦૧૦–૧૧

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની તા.૫–૨–૧૦ ની અરજીથી જનસંપર્ક ખાતા હસ્તક વ્યાસ એડવર્ટાઈઝમેન્ટ મેળવતી સંસ્થાને આપવામાં આવેલ જાહેરાત અંગેની તમામ વિગતવાર માહિતી મુદ્દા નં.૧ સને ૧૯૯૫ થી ૨૦૦૨ દરમ્યાન વ્યાસ એડવર્ટાઈઝમેન્ટને અંગ્રેજી અખબારની જાહેરાત આપવામાં આવતી હતી તેમાં કુલ કેટલાનું પેમેન્ટ કરવામાં આવ્યું? વર્ષ દીઠ, જાહેરાત દીઠ, માહિતી અલગ અલગ આપવા બાબત.વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે જનસંપર્ક અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પી.આર.ઓ/૧૨૩૦ તા.૪–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા બાબત હેઠળની માહિતી મુદ્દાવાર એકત્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩ તા.૧૫–૪–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક) તથા અરજદારને અપીલ અરજીમાં રૂબરૂ તપાસણી કરી માંગેલ માહિતી પૈકી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીએ જણાવેલ તકનો ઉપયોગ કરેલ છે કે કેમ? તથા તે અંગે શું પ્રતિભાવ મળેલ છે? અને ઉપયોગ નથી કરેલ તો કયા કારણસર તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૦–૪–૧૦ ના રજૂઆતપત્ર મળેલ છે.

અરજદારની તા.૫–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી માંગતી મ. જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારીને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ સને ૧૯૯૫ થી ૨૦૦૨ દરમ્યાન વ્યાસ એડવર્ટાઈઝમેન્ટને અંગ્રેજી અખબારની જાહેરાત આપવામાં આવતી હતી તેમાં કુલ કેટલાનું પેમેન્ટ કરવામાં આવ્યું? વર્ષ દીઠ, જાહેરાત દીઠ, માહિતી અલગ અલગ આપવી. મુદ્દા નં.૨ સદર બાબતે એડવર્ટાઈઝના સે.મી. ના ભાવો કેટલા મંજુર થયેલ છે? મુદ્દા નં.ઉ. સદર બાબતે ઓર્ડર મુજબ કેટલા સે.મી. ની જાહેરાત આપવામાં આવી. મુદ્દા નં.૪ સદર બાબતે ઓર્ડર મુજબના સે.મી. અને ચૂકવણી કરવામાં આવેલ સે.મી. ની માહિતી આપવી? અને કેટલી રકમ ચૂકવણી કરવામાં આવી? મુદ્દા નં.૫ ઓર્ડરના અનુસંધાને સદર વ્યાસ એડને કેટલું વધારાનું પેમેન્ટ કરવામાં આવ્યું? મુદ્દા નં.૬ જવાબદાર અધિકારી કર્મચારી સામે શું શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી? મુદ્દા નં.૭ શું આના માટે કોઈ ખાતાકીય તપાસ સબંધિત કર્મચારીના નામે હાથ ધરવામાં આવી છે કે કેમ? મુદ્દા નં.૮ પેમેન્ટ બીલની નકલો વાઉચર સહિત પૂરી પાડવી. મુદ્દા નં.૯ જાહેરાત રજીસ્ટરનો ઉતારો આપવો. મુદ્દા નં.૧૦ આ સમયગાળા દરમ્યાન ખાતાના ખર્ચ રજીસ્ટરનો ઉતારો આપવો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીઆરઓ/૧૨૩૦ તા.૪–૩–૧૦ થી " સંદર્ભ દર્શિત અરજીથી જે માહિતી માંગવામાં આવેલ છે તે માહિતી સબંધિત દસ્તાવેજોની ચકાસણી માટે જનસંપર્ક વિભાગ મુગલીસરા સુરત ખાતે આવી ચકાસણી કરી જવા આથી આપને જણાવવામાં આવે છે. વધુમાં ચકાસણી માટેની તારીખ તથા સમય અગાઉથી કચેરીને જણાવવા વિનંતી. જેથી તે અંગેની જરૂરી વ્યવસ્થા થઈ શકે. વધુમાં આ અંગે નિયમોનુસારની ફી લેવાની થતી હશે તો તે આપને ચકાસણી સમયે જણાવવામાં આવશે." તેવું જણાવવામાં આવેલ. જેના અનુંધાને અરજદારે તા.૬–૩–૧૦ ના પત્રથી માંગેલ માહિતી મુજબની અરજીમાં જણાવેલ ૧૦ મુદ્દાઓ અન્વયે જ માહિતીની જરૂર હોય તે સંદર્ભેની વિગતો બનતી ત્વરાએ પૂરી પાડવા જરૂરી કાર્યવાહી કરાવવી માંગેલ માહિતી મુજબ જવાબ મળ્યા બાદ જરૂર જણાશે તો વધુ અભ્યાસ અર્થે હું દસ્તાવેજોની ચકાસણી કરી તેની માંગણી કરી શકીશ. તેવું અરજદારે જણાવેલ. ત્યાર બાદ અરજદારે સબંધિત દસ્તાવેજોની ચકાસણીથી નારાજ થઈ તા.૬–૩–૧૦ ના રોજ કરેલી રજૂઆત સંદર્ભે મુળ અરજીમાં જણાવેલ ૧૦ મુદ્દાઓ અંગે માહિતીની જરૂર હોય વિગતો પૂરી પાડવા જણાવેલ. આજ દિન સુધી મને કોઈ માંગેલી માહિતી પૂરી પાડેલ નથી તેથી નારાજ થઈ તા.૬–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. માહિતી અધિકાર અધિનિયમ નમુના–ક નિયમ–૫(૧)(ક) રજૂ કર્યાના દિન–૩૦ માં માંગેલ માહિતી અમોને મળેલ નથી અને જે જવાબ મળેલ છે તેમાં ખાતા તરફથી કોઈ કારણસર અથવા તો કોઈ થયેલ ક્ષતિ છુપાવવાના ઈરાદાથી સ્પષ્ટ જવાબ આપવામાં આવેલ નથી તેવું અપીલમાં જણાવેલ છે. જે બાબતે અપીલ તબકકે અરજદારને નં.આરટીઆઈ સેલ/૭૩ તા.૧૫–૪–૧૦ થી પત્ર પાઠવી અપીલ અરજીમાં રૂબરૂ તપાસણી કરી માંગેલ માહિતી પૈકી મેળવી લેવા જાહેર માહિતી

અધિકારીએ જણાવેલ તકનો ઉપયોગ કરેલ છે કે કેમ? તથા તે અંગે શું પ્રતિભાવ મળેલ છે? અને ઉપયોગ નથી કરેલ તો કયા કારણસર? તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૦–૪–૧૦ ના રોજ પત્ર પાઠવી પીઆરઓ વિભાગ ધ્વારા અરજદારને માહિતી કચેરી ખાતે આવીને જોઈ જવા જણાવેલ હતું પરંતુ મારે સમગ્ર જન સંપર્ક અધિકારીશ્રીના વિભાગ ધ્વારા થયેલ એડવર્ટાઈઝમેન્ટ સંદર્ભેની માહિતી જરૂર નથી. જેથી પુનઃ તા.૬–૩–૧૦ થી પત્ર પાઠવી માહિતીની માંગણી કરેલ હતી ત્યાર બાદ અપીલ અધિકારીનો પત્ર મળેલ. જે સંદર્ભે કારણો અને અન્ય વિગતોની સીધી સ્પષ્ટતા અરજદાર તરીકે મારે કરવાની નથી મારે તો ફકત માહિતીની જરૂર છે જે હકીકત ધ્યાને લઈ મારી મુળ અરજીમાં દર્શાવ્યા મુજક મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી સત્વરે પૂરી પાડવા રજૂઆત કરવામાં આવેલ છે. મ. જાહેર માહિતી અધિકારીએ સદર બાબતે વ્યાસ એડવર્ટાઈઝમેન્ટ બાબતેની અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતની વિગતો અન્ય એડર્વટાઈઝ એજન્સીઓની જાહેરાતથી અલગ દફતરી રેકર્ડ હોય તો તે મુજબની માહિતી જાહેર માહિતી અધિકારીને પૂરી પાડવાની રહે. અન્યથા અરજદારને ચોકકસ તારીખ અને સમય આપી ઈન્સ્પેકશન આપવાનું રહે. જે અંગે મ. જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તુત કેસમાં ઉપલબ્ધ દફતરના ઉપલક્ષ્યમાં અરજદારને ઉચિત નિર્ણય જણાવવાનો રહે. જે પ્રસ્તુત કેસમાં કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર દફતર અરજદારે માંગેલ વિગતે એકત્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે કે કેમ? તે અંગે વિગતો પુછાવેલ પરંતુ અપીલ તબકકે તે પૂરી પાડેલ નથી.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) માહિતી અને માહિતી અધિકારની કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે સાથે કલમ–૭(૯) હેઠળ સામાન્ય રીતે અરજદારે માંગેલ પ્રકારે માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. સિવાયકે તે રીતે માહિતી આપવાથી જાહેર સત્તા મંડળના નાણાકીય સ્ત્રોત બદલાય અથવા દફતર જાળવણી કે સુરક્ષાને હાનિકર્તા બને. પ્રસ્તુત કેસમાં અરજદારે એક જ એજન્સીને લગતી લગભગ ૧૫ વર્ષ પૂર્વથી ૮ વર્ષ પૂર્વેના સમયગાળાની માહિતી માંગેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા તક આપવા છતાં તપાસણી કરી માહિતી મેળવવા પ્રયાસ કરેલ નથી. અપીલ તબકકે પણ અરજદારે યોગ્ય પ્રત્યુત્તર પાઠવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ સુચવ્યા અનુસાર હુકમની તારીખથી કચેરી કામકાજ દરમ્યાન દિન–૧૦ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી જાહેર માહિતી અધિકારી કક્ષાએ એકત્રિત સ્વરૂપે ઉપલબ્ધ માહિતી કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની પ્રક્રિયાને અનુસરી મેળવવા તથા બાકી માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ સુચવ્યા અનુસાર દફતરી તપાસણી કરી ઈચ્છુક હોય તેવી માહિતી તારવી બતાવવા અને કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની પ્રક્રિયા અનુસરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. અરજદાર ધ્વારા સંપર્ક કર્યેથી હુકમ અનુસાર અમલવારી કરી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી જનસંપર્કને સૂચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,